શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૨૦ • તા.૨૭ જુલાઈથી ૨ ઓગસ્ટ ૨૦૨૪




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## વિવિધ સંઘોમાં મહારાજ સાહેબનો ચાતુર્માસ પ્રવેશ




Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# માનવ કલ્યાણનો મારગ અપનાવીએ

આજે યંત્ર અને વિજ્ઞાનના બાહુલ્યથી સમાજ પ્રગતિ પણ કરી છે અને અધોગતિ પણ વહોરી છે. ઈર્ષા, વેર, અસૂયા, અલગતાવાદ અને આતંકવાદનો ભોરીંગ જીવતા જીવોને ભરડામાં લપેટી લીધો છે. જાત-ધર્મના વાડાભેદ, બીજાથી ચડિયાતા પણાની સ્પર્ધા એવી લાગી છે. જાણે ક્યારે અટકશે નહીં, વિરામ લેશે જ નહીં. આને આપણે શું પ્રગતિ કરી શું? વિકાસ કહીશું કે ગતિ કહીશું? આ વિકરાળ દૂષણો હેઠળ માનવ જાત કચડાઈ રહી છે. પીલાઈ રહી છે. સાચાને કોઈ સમજતું નથી. કે નથી કોઈ તેને ગણનામાં લેતું તે લઘુમતિમાં રહી ગયો છે. અસૂર અને અત્યાચારી આત્મા આઝાદ બનીને નિર્ભયતાથી ફરી રહ્યાં છે. સત્ય, શાંતિ અને ક્ષમાનો બોધ કોઈને અસર કરી રહ્યો નથી. દિવસો દિવસ પાપનાં ઘડાં ભરાતા જાય છે. શીલ અને ક્ષમા, ધર્મ અને શાંતિ સદ્‌ભાવ અને સમર્પણ, એક કોરે બે સહારા બનીને પાંખડીઓની લીલા જોતા ઊભા રહીં ગયા છે.

આ કપરા ભવમાં પ્રભુ મહાવીર સ્વામીનો સંદેશ ખરો રાહબર બની પથદર્શન કરાવી શકે છે. અવિચારી, અધમ, અનિષ્ટ તત્વોનું શમન કરી શકે છે. નિંદા અદેખાઈ, રાગદ્રેષ, ઈર્ષા, તિરસ્કાર, ધિક્કાર જેવા કાયમી કષાય ભાવોથી તિલાંજલિ અપાવી શકે છે.

સંન્યત સ્વીકારી સંયમ ગ્રહણ કરી સાધુ જીવનને સ્વીકારવાથી જ શુદ્ધતા મળે છે એવું નથી. નિર્મળ હૃદયથી સમતા સ્નેહ અને શુદ્ધ ભાવ કેળવવાથી અને પ્રત્યેક આત્મા પ્રત્યે કલ્યાણ ભાવની કામના કરવાથી પણ માંગલ્ય, ભાવ સર્જાય છે. મૈત્રી વિસ્તરે છે અને મૃદુતા સર્જાય છે.

જિનશાસનની ભવ્ય મહોલાત અહિંસા, તપ, ત્યાગ અને સંયમના ભવ્ય ભાવથી શાશ્વત ટકેલી છે. નાના,મોટા, સુક્ષ્મ કે મહાજીવો, નરી આંખે ન દેખાતા જીવજંતુઓ ની પ્રત્યે મૃદુતા કેળવી, દયા ભાવ, પ્રેમ અને આત્મકલ્યાણની ભાવના રાખીએ એ જ ધર્મનો સંદેશ છે. એજ જિન શાસનનો બોધ છે. શીખ છે. કઠોરતા ને ત્યાગી કોમળ બનીએ ભારથી ભારી નહીં પણ ભાવથી ભર્યા ભાદર્યા થઈએ હવા જેવા હળવાફૂલ થઈએ. શાંત છતાં શક્તિ અંતરમાં રાખીએ પણ તેનું પ્રદર્શન બહાર ન કરીએ. કોઈ જીવને પીડિત કરીને ન બતાવીએ. સુગંધ અદ્રશ્ય છે. પણ તેને મહસૂસ કરી શકીએ છીએ. તેનો કદ, આકાર કે વજન નથી છતાં ધરાવતી હવા મોટા ભારેખમ જહાજોને સમુદ્રમાં વહેતા રાખે છે. ગતિમાન રાખે છે. શક્તિ સર્વત્ર ફેલાઈ પોતાનો અસ્તિત્વની જાણ સૌને કરી દે છે. તેને મુઠીમાં બાંધી નથી શકતા. આ તાકત, આ બળ સ્વભાવનો છે. સહજ ભાવનો ને સમર્પણ ભાવનો છે.

માનવ જન્મ મળ્યો છે તો સૌ પહેલાં માનવીય ગુણોને પ્રાપ્ત કરી માનવતાને ઉજાગર કરીએ. માનવ માંથી મુનિત્વ પ્રાપ્ત કરીએ. સદ્‌ભાવ, સદ્‌કલ્યાણ અને સમભાવના ગુણો કેળવીને કષ્ટ કે તકલીફ ભોગવતા જીવનો ઉદ્ધાર કરીએ. અજ્ઞાનતામાં સપડાયેલ જીવનું કલ્યાણ કરીએ. કોઈને બચાવવા જતાં આપણને કષ્ટ પડે, તકલીફ પડે એ હસતાં હસતાં સ્વીકારી પરમાર્થ કાર્ય આપણા હસ્તે થયુ એવો ભાવ કેળવીએ. હળવાં બનીને આપણે તરીએ સાથે અન્યોને પણ તારીએ એજ માનવ કલ્યાણનો ધર્મ સાર છે.

**- જ્ઞાતિમૈયા**

# પરિવારનું ઉપેક્ષિત પાત્ર : પિતા

લોકોમાં એવી ધારણા પ્રચલિત છે કે મા હમેંશા સંતાનોની આંખોમાં અને પિતા હમેંશા સંતાનોના નામમાં જીવતા હોય છે. એ પણ ખરૂં છે કે માતા શબ્દ અને સંબંધને તેના દ્વારા કરાતા સમર્પણને આપણા સાહિત્ય અને શાસ્ત્રોએ અતિ ગ્લોરિફાય કર્યો છે. તો પણ પિતાનું મહત્વ, તેનું સ્વાપર્ણ સંતાનના ઉછેરમાં ઘણું વધારે હોય છે. પિતાના ત્યાગ, તપને જોઈ એટલું મહત્વ મળ્યું નથી એ પણ સત્ય છે હકીકત છે. પુરૂષ ગમે તેટલો સફળ હોય પણ જો તે સારો પિતા ન બની શકે તો ઈતિહાસ તેની નિષ્ફળતાને યાદ રાખે છે. પરંતુ પુરૂષ કદાચિત નિષ્ફળ હોય પરંતુ જો તે સારો પિતા હોય તો તેને ઈતિહાસમાં સ્થાન મળે કે નહીં પણ તેના સંતાનની સ્મૃતિમાં એક ઉત્તમ પિતા તરીકે સ્થાન પામે છે.

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માતા-પિતા બંન્ને પોતપોતાની ભૂમિકા સંતાન માટે સુપેરે નિભાવે છે. એટલે બંનેની સરખામણી કરવી વ્યર્થ છે. માતા અને પિતા બે એવા સમાંતર જડેલા પાટા છે જેના વિના સંતાનની ટ્રેન ચાલે જ નહીં. પિતા એટલે પૌષ્ટિક વસ્તુ સંતાન આરોગે એવો આગ્રહ ધરાવતો વિચાર જ્યારે માતા એ પૌષ્ટિક વસ્તુને ભાવતી વાનગી બનાવી આપતો વધાર. માતા એટલે સંતાનની જીદને જાહેરપણે સ્વીકાર કરવાનું ઠેકાણું જ્યારે પિતા એ જીદને છાની રીતે સંતોષી આપતું ઉખાણું.

પિતાનું જીવન જાણે યોગી. જેની બહાર સંસાર અને ભીતરમાં સંન્યાસ હોય છે. પિતાનું કર્મ એટલે સર્જક, વર્ધક અને પોષક. પિતા સંતાન માટે એવું સરનામું છે જેની છત્રછાયામાં તે સલામતીનો અનુભવ કરે છે. સંતાનના પગલાં પરથી એના મનને જાણી લે તે પિતા છે. માતાનું સંતાન માટેનું સમપર્ણ પ્રકટ છે, બોલકું છે એ ખરું છે તો સંતાનનું ઉજવળ ભવિષ્ય કાજે વહેલી સવારથી મોડી રાત નોકરી ધંધામાં પોતાની જાત નીચોવી દે છે. પોતાના પ્રશ્નો, દુઃખ, હતાશાની વાત ઊંડે દિલમાં જ ધરબી દે છે. વર્ષોના વર્ષ સતત સંઘર્ષ કરી, પોતાના વાળ પાકી જાય, ખભા ઝૂકી જાય, કમર બેવડ વળી જાય. ચશ્માના નંબર વધી જાય ને તોયે એ હસતે મોઢે જીવે રાખે. ઘરના ઉંબરામાં આવતા સતત મલક્યા કરે એ પરિવારનું મૂક પાત્ર એટલે પિતા. ગમે તેટલું કરે તોય મોટું થયેલ સંતાન એ જ કહેવાનું કે ‘પપ્પા તમે મારા માટે શું કર્યું?’

પોતે કાળી મજૂરી કરી કમાવેલું ધન દીકરાને આપવા અને કાળજાનો કટકો એટલે દીકરીને પારકા ઘરે વહોરવા માટે આખી જિંદગી સતત રઝળપાટ કરતું વ્યક્તિત્વ એટલે પિતા. પિતા લીમડાના ઝાડ જેવા હોય છે. ભલેને તે કડવા હોય પણ સંતાનના સ્વાસ્થ્ય માટે સદાય ગુણકારી હોય છે અને છાંયડો હંમેશા ઠંડો-મીઠો આપે છે.

સંતાન સપના સેવે છે પણ એને દિશા આપનાર પિતા હોય છે એ એટલું સાચું છે દુનિયામાં એક પિતા જ એવા વ્યક્તિ છે જે ઈચ્છે છે કે મારા બાળકો મારાથી પણ વધારે સફળ થાય.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st July - 31st December 2024**

★ STAMP FRANKING
Now Available

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

# *7.49%
(p.a.)

- HOME LOAN
- CAR LOAN
- eAUTO LOAN
- 2 WHEELER LOAN
- GOLD LOAN
- COMMERCIAL VEHICLE LOAN
- EDUCATION LOAN
- LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

## SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or
**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank

KDO

# અમદાવાદના વાસણા સંઘમાં પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા.નો ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો



તા.૧૪ જુલાઈ રવિવારના દિને અમદાવાદ નગરના વાસણા સંઘના શ્રી સંભવનાથ જિનાલયે જૈનાચાર્ય શ્રી વિજયજિનચંદ્રસૂરિશ્વરજી મ.સા. પ્રેરિત પૌષધ શાળા જ્ઞાન મંદિર ખાતે અચલગચ્છીય ગુરૂ ગુણોદયના પ્રભાવક શિષ્યરત્ન મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા. આદિઠાણાનો ચાતુર્માસ પ્રવેશ ગુરૂભક્ત નરેશભાઈ રતિલાલ શાહના ગૃહાંગણેથી ઢોલ નગારા શરણાઈના તાલે નીકળેલ શોભાયાત્રા સહ શ્રી સંઘના ઉત્સાહ ઉમંગના વાતાવરણ વચ્ચે ઠાઠમાઠથી ગુરૂજી અમારો અંતરનાદના ગગન ગજાવતા નારાઓ, શણગારેલ ઘડીઓના શુકનવંતા શુભ શુકુન સાથે થયો.



શ્રી વાસણ શ્રી સંઘ સાથે અચલગચ્છ સંઘના શ્રાવક શ્રાવિકાઓ પણ પધારી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરી



# અમદાવાદના વાસણા સંઘમાં પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા.નો ભવ્યતાથી ચાતુર્માસ પ્રવેશ થયો



પ્રસંગની અનુમોદના કરેલ હતી.

આ અવસરે ગુરૂપૂજનનો લાભ શ્રી અચલગચ્છ જૈન સંઘે તથા ચાતુર્માસ દૈનિક પ્રવચનોના સૂત્રાધિકાર શ્રી શાંત સુધારસ ગ્રંથ, શ્રી અમરકુમાર સુર સુંદરી ચરિત્ર વહોરવાનો મહાન લાભ માંડલ નિવાસી ગુરૂ ભક્ત પરિવાર શ્રીમતી હર્ષાબેન સતીષભાઈ ગાંધી પરિવારે લીધો હતો.

ધર્મ સભાના શુભારંભે પૂજ્યશ્રીને વંદન માંગલિક શ્રવણ-પ્રવચન, સ્વાગત ગીત, મંગલ ગહુલી ગાન સાથે સંગીતકાર સૌમિલ શાહએ સંગીત ગીતની રમઝટ જમાવેલ. જૈન મુનિશ્રી સહ પ.પૂ.શ્રી રત્નોદયસાગરજી મ.સા., પ.પૂ.રાજપ્રિયસાગરજી મ.સા.એ પણ પ્રવેશ કરેલ.

આ અવસરે પ્રસંગોચિત પ્રવચન કરતાં પ.પૂ.મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.એ ચાતુર્માસ એ સત્સંગ-ભક્તિ-મૈત્રી-શુધ્ધિનો પર્વ છે. સર્વે ધર્મમાં ચાતુર્માસને મહત્વ અપાયું છે. સમ્યગ દર્શન પ્રાપ્તિનો ધ્યેય જૈન ધર્મમાં દર્શાવવામાં આવેલ છે તેમ દર્શાવેલ. પ્રસંગને ચાર ચાંદ લગાડવા સર્વશ્રી નરેશભાઈ, પારસભાઈ, લાલાભાઈ, ભાવીનભાઈ, પ્રણવભાઈ, પીયૂષભાઈ વિગેરે સારી એવી જહેમત ઉઠાવેલ. સંઘ પૂજન, સાધર્મિક ભક્તિનું આયોજન પણ થયું હતું.



# અબડાસાના વરાડીયા તીર્થે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી દાદાની અસીમ કૃપાથી ગયા વર્ષે નવ નિર્માણ થયેલાં ઉપાશ્રયમાં પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.નું ચાતુર્માસ પ્રવેશ સં.૨૦૮૦ ને આષાઢ સુદ ૧૪ તા. ૧૯ જુલાઈની સલુણી સવારે સેંકડો ભાવિકોની હાજરીમાં ખુબ જ આનંદ અને ઉલ્લાસભેર થયેલ.

સ્થાનિકો, મુંબઈ તથા દેશાવરથી પધારેલા વરાડીયા વતનીઓ તથા નિયાણી બેનો ઉપરાંત આજુબાજુના ગામ-સાંધવ, કોઠારા, સાંયરા, સુથરી, લઠેડી, વારાપધર, મંજલ રેલડીયા તથા સાહેબજીના સંસારી પરીવારજનો રાયધણજર તથા દેવપરથી પધાર્યા હતા.



ટ્રસ્ટી શ્રી પદમ લોડાયાએ સર્વેનું સ્વાગત કરેલ. ટ્રસ્ટી દીપક ડાઘા એ સ્વરચિત સ્વાગત ગીત રજૂ કરેલ. પ્રોગ્રામનું સંચાલન કીર્તિભાઈ મોમાયા એ કરેલ તથા આભારવિધિ ટ્રસ્ટી રતિલાલ મોમાયા એ કરેલ. એ ઉપરાંત વરાડીયાના ૩ ટ્રસ્ટીઓ-નલિનભાઇ ડાઘા (મુંબઈ), નિલેશભાઈ મોમાયા (ભુજ) તથા ધિરીશ મોમાયા (બેંગ્લોર) પણ હાજર રહ્યા હતા.

**વિવિધ ચડાવાના લાભાર્થી :**

**ગુરૂપુજનનો લાભ :** (૧) માતુશ્રી હાંસબાઈ નાનજી માવજી ગડા, રાયધણજર તથા (૨) માતુશ્રી વેજબાઈ ખીમજી જેઠાભાઈ ગડા, રાયધણજર પરીવાર. (રૂા.૨૬,૦૦૧/-)

**સાહેબજી ને કામળી વહોરાવવાનો લાભ :**

સ્વ. હરીશ જયંતિલાલ લધાભાઈ મોમાયા પરીવાર, બેંગલોર (રૂા. ૧૧,૦૦૧/-)


**સાહેબજીને સુત્ર ગ્રંથ-૧ અર્પણ :** સૌ. હિનાબેન રતિલાલ દામજી ધ્રોળ પરીવાર, સાંયરા-ડોમ્બીવલી (મણ ૩,૬૩૬)

**સાહેબજી ને સુત્ર ગ્રંથ-૨ અર્પણ :** માતુશ્રી કેશરબાઇ ડાહ્યાભાઈ રવજી ગડા, રાયધણજર હસ્તે મા. બચુબેન જયંતિલાલ ગાલા, દેવપર)

શ્રી વરાડીયા મહાજન તરફથી દરેક ઉપસ્થિત ભાવિકોને રૂા. ૫૦/-ની પ્રભાવના થયેલ.

પ.પૂ.શ્રીની ટહેલ મુજબ પ્રવેશના દિને ૨૧ ભાવિકોએ આયંબીલ કરેલ. સં. ૨૦૮૦ ને શ્રાવણ સુદ ચોથ થી છઠ, તા. ૮ થી ૧૦ ઓગસ્ટ દરમિયાન યોજાનારા ૧૨૨ મા ધ્વજારોહણ મહોત્સવના મુખ્ય લાભાર્થી શ્રી વરાડીયા વહુ રાણી ગ્રુપ છે. શ્રી વરાડીયા તીર્થના ૧૨૨ મા ધ્વજારોહણ મહોત્સવમાં ૧૫૦+ ભાવિકોની હાજરીની શક્યતા છે.

# શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદ દ્વારા કચ્છના જિનાલય શુધ્ધિકરણનું અભિયાન




શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ આયોજિત શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ સંચાલિત જિનાલય શુધ્ધિકરણનો અનોખો, અવનવો કાર્યક્રમ થવા જઈ રહ્યો છે.

શ્રી કેડીઓ જૈન જ્ઞાતિના જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશીનાથા, જ્ઞાતિ મુકુટમણિ શેઠશ્રી કેશવજી નાયક જેવા અનેક પુષ્યવંત જ્ઞાતિના વીરલાઓ દ્વારા અબડાસામાં તીર્થો અને જિનાલયોના નિર્માણમાં પોતાની સંપત્તિ, સમય અને પ્રાણ પૂર્યા હોય એવા અદ્‌ભૂત આસ્થા તીર્થો જિનાલયનો અમૂલ્ય વારસો આપણને સદભાગ્યે મળ્યો છે.

આ તીર્થોની જાળવણી, સાર સંભાળની જવાબદારી આપણી છે. જે જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી શ્રી નવ યુગ યુથ ફોરમના યુવા-યુવતીઓ કચ્છ અબડાસાના આપણા અમુક નાના ગામ જ્યાં પૂજારીઓ સિવાય જ્ઞાતિના કોઈ બંધુઓ વસવાટ નથી કરતાં એવા ગામોના જિનાલયના શુધ્ધિકરણનું બીડું ઝડપ્યું છે. તીર્થ શુધ્ધિથી આત્મશુધ્ધિ તરફનો એક પ્રયાસ એટલે જિનાલય શુધ્ધિકરણ અભિયાન.

આપણા પ્રાચીન તીર્થ સ્થાનોના શુધ્ધિકરણનું આ અદ્વિતીય અને મહાન કાર્ય અમદાવાદ શ્રી કેડીઓ જૈન મહાજનની પહેલ અને માર્ગદર્શનથી થવા જઈ રહ્યું છે. જિનશાસનના આ મહાન કાર્યમાં તમે પણ સૌ ભાગીદાર બનો એવું આહવાન કરીએ છીએ.

તા.૧૦ ઓગસ્ટ શનિવાર અને તા.૧૧ ઓગસ્ટ રવિવારે જિનાલય શુધ્ધિકરણનો પ્રથમ પ્રયાસ જશાપર, લાલા, આરીખાણા અને પરજાઉ ગામે કરાશે.

વધુ માહિતી માટે રાજેશ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬, બ્રિજેશ ધુલ્લા-૯૯૦૪૩૪૪૯૭૭

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ગાંધીધામના યુવા સામાજિક કાર્યકર એડવોકેટ કેતન મધુકાન્ત લોડાયાનું સન્માન કરાયું



મૂળ કોઠારા હાલે ગાંધીધામના યુવા કાર્યકર્તા કેતન મધુકાન્ત લોડાયાનું શ્રી આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘના નૂતનીકરણ ઉપાશ્રય અને સાહેબજીના પ્રવેશના મંગલ અવસરે જૈન સોશિયલ ગ્રુપ ગાંધીધામના પ્રતિનિધિ તરીકે તેમનું સન્માન કરવામાં આવ્યું.

એડવોકેટ કેતનભાઈ મધુકાન્ત લોડાયા જૈન સોશિયલ ગ્રુપ ગાંધીધામ સહિત અન્ય સામાજિક સંસ્થાઓ સાથે ઘણા સમયથી ગાઢપણે જોડાયેલા છે અને સંસ્થાઓ દ્વારા થતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગ કરી રહ્યાં છે.

## તિરૂપુર સંઘમાં ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. દ્વારા ઉવાસર્ગ અનુષ્ઠાન



તા.૨૩ જુલાઈ મંગળવાર રોજે તિરૂપુર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં ડૉ.પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ના ઉવાસર્ગ અનુષ્ઠાન તપસ્યા સાથે વીસ વિરહમાન જિન તપના માંગલિક થયા. અનુષ્ઠાનમાં ૧૨૫ જેટલા સંઘના ભાવિકો ભાગ લીધો હતો. દીપકભાઈ છેડા દ્વારા સંઘ પૂજન થયેલ.

# Anumodana

**Sanjivani Case - 147**

**Name:Mrs. Hiral Paresh Lodaya, Age : 36 yrs. Village: Kothara (Haal: Dombivli)**

| | |
|---|---|
| **Emerald Patron** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 5,000.00 |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 5,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Gold Patron** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| **Silver Patron** | |
| Shrimati Rita Manikant Lodaya (H: Rajendra Raghavji Nagda, Sandhan) | 1,500.00 |
| Late Shri Padamshibhai Kunvarji Lalka(Shah) H: Hemlataben Padamshibhai Lodaya | 1,500.00 |
| **General Sanjivani Patron** | |
| Matushri Lilbai Shivji Lodaya ( Jayshreeben) | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

## અભિનંદન

**Congratulations**

**ઈરા (IRA)**

Daughter of
Jayani Mehul Mepani
Chembur - Parjau



**Bsc. Psychology** (Hons)
with a minor in
Social Studies and a concentration in History from School of Interwoven Arts and Sciences, Krea University at Chennai
Currently pursuing MSc. Applied Psychology from Jyoti Dalal School of Liberal Arts, NMIMS.

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya 2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper**

**http://www.kdosm.org**

**Address:**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા : ૧૨૨ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી : શ્રી વરાડીયા વહુ-રાણી ગ્રુપ |
| તા. ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક દ ઓ જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ ક. થીઃ એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |
| તા. ૨૪ નવેમ્બર ૨૦૨૪ | છેડા ગોત્રના કુલદેવી અંબે માતાની સારસ્વતવાડી, મુલુંડ મધે સમૂહ પહેડી |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | દંતાણી તીર્થની મુલાકાત |


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

## શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**
**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

• સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રીમતિ મીતા વિરચંદ લાલકા (વારાપધ્ધર-કચ્છ)**

# કલ્પવૃક્ષ યોજના રિફંડ ફોર્મ સબમિટ કરવાની આખરી તા.૩૧ ડિસેમ્બર કરાઈ

બહુસંખ્યા ધરાવતા વૃક્ષ માલિકોની વિનંતી અને કાર્યકારી સમિતિની ભલામણના આધારે રિફંડ ફોર્મ સબમિટ કરવાની તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધી લંબાવાઈ છે. જેની સૌ લાગતા વળગતાઓએ નોંધ લેવી.


કૃપા કરીને તમારા સંપર્કમાં રહેલ વ્યક્તિઓ, ગ્રુપો અને નેટવર્કના વૃક્ષ માલિકોને આ માહિતી શેર કરશો જેમણે હજુ સુધી આ યોજનાનો તેમણે લાભ લીધો નથી.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કુણાલભાઈ નાગડા**
તા.૨૧ જુલાઈ (ઉ.૩૬)
નલિયા-કાંજુરમાર્ગ




**ડૉ.ગુણવંતીબેન શાહ**
તા.૨૨ જુલાઈ (ઉ.૭૭)
બિદડા-મજગામ
મણીબાઈ લોડાયા સાંયરાની દિકરી



**વિજયાબેન ધરમશી**
તા.૨૩ જુલાઈ (ઉ.૮૪)
જખૌ-ગદગ



**રતિલાલભાઈ ધરમશી**
તા.૨૪ જુલાઈ (ઉ.૭૦)
નાની સીંધોડી-ડોંબિવલી



**નલિનભાઈ મહેતા**
તા.૨૫ જુલાઈ (ઉ.૫૯)
માનકુવા-ડોંબિવલી
કંચનબેન નાગડાના જમાઈ



**પ્રતાપભાઈ ખોના**
તા.૨૭ જુલાઈ (ઉ.૫૬)
મોટી ખાવડી-મુલુંડ



**ચિત્રંજન સોની**
તા.૨૭ જુલાઈ (ઉ.૬૧)
તળાજા-ડોંબિવલી
તારાબાઈ ડાઘાના જમાઈ




**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# સમસ્ત મહાજનની B2B કમિટીના બિઝનેસ વોટસએપ ગ્રુપ ફેસબુકમાં જોડાઈ વ્યાપારનો વ્યાપ વધારો

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના વ્યવસાયિકો આપેલ લિન્ક દ્વારા વોટસએપ ગ્રુપમાં જોડાઈ વ્યાપારનો પ્રસાર વધારો. આ વોટ્સએપ બિઝનેસ ગ્રુપનો ઉદ્દેશ જ્ઞાતિજનોના અરસ પરસ વ્યાપાર વિકસે અને મહતમ ખરીદી/વેચાણને પ્રથમ પસંદગી ફક્ત કેડીઓને મળે એ છે. ચાલો નાનાને પ્રોત્સાહન આપીએ તેને ઉપર લાવીએ. તેના વ્યાપારની પ્રગતિ કરીએ.

વોટસએપ ગ્રુપમાં ૧૦૦૦ જેટલા સભ્યો જોડાયા છે. જ્યારે ફેસબુક ઉપર ૫૫૦૦ જેટલા સભ્યો છે.

**વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**

**ફેસબુકમાં જોડાવવા માટે આ લીંક પર કલીક કરો**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● માંડવીની એઈમ્સ શાળા અને ઈન્નર વ્હીલ ક્લબ દ્વારા હેરિટેજ વોકનું આયોજન કરાયું હતું. વોક પ્રારંભે ધારાસભ્ય અનિરૂધ્ધ દવે એ જન્મભૂમિ માંડવીની યશોગાથા વર્ણવી હતી અને બાળકોને હેરિટેજ વોકનું મહત્વ સમજાવ્યું હતું. માંડવીના પાંચ નાકા, પાંચ બારીથી લઈ શહેરના ઐતિહાસિક સ્થળો ગામનો ચોરો, ટોપણસરતળાવ, લક્ષ્મીનારાયણ મંદિર, હવેલી ચોક, શાક માર્કેટ, દીવાદાંડી, શ્યામજી કૃષ્ણ વર્મા જન્મ સ્થળ, કૃષ્ણ હવેલી, રાણેશ્વર મંદિર, માંડવી પવન ચક્કી વિગેરેના ઇતિહાસથી વાકેફ કરાયા હતા.

● બંદરીય શહેર માંડવીની ૬૫ હજારની વસતીને રેલવે સુવિધા મળે તે માટે શહેરના વિવિધ સંગઠનો દ્વારા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ગાંધીધામના હોલિડે રિસોર્ટમાં યોજાયેલા સંવાદ કાર્યક્રમમાં માંડવી સર્વાંગી વિકાસ કાઉન્સિલના પ્રમુખ વાડીલાલ દોશી સહિત વ્યાપારી અગ્રણીઓએ મંત્રીને પાઘડી પહેરાવી શાલથી અભિવાદન કર્યું હતું. માંડવી શહેરની ૨૦ જેટલી અગ્રણી સંસ્થાઓ શહેરને રેલવેની સુવિધા ઝડપથી આપવાના લેખિત આવેદન પત્રો અર્પણ કરીને માંડવીનો વર્ષો જૂનો રેલવેનો પ્રશ્ન હલ કરવા રજૂઆત કરી હતી. જે માટે રેલવે મંત્રીએ હકારાત્મક અભિગમ દર્શાવ્યો હતો.

● ભુજ શહેરની ભાગોળે પર્વતીય હારમાળા વચ્ચે આવેલું ટપકેશ્વરી સંકુલ આગામી સમયમાં જીઓ હેરિટેજ સાઈટ તરીકે વિકાસ પામશે. કચ્છ આવતા પ્રવાસીઓ જિલ્લાના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાની સાથે જીઓલોજિકલ વારસાથી અવગત થાય એ માટે રાજ્યના પ્રવાસન વિભાગે ફાળવેલી ૨૦ કરોડની ગ્રાન્ટમાંથી મહત્વનો પ્રકલ્પ સાકાર થશે. અહીં આવેલી ગુફાઓ માનવ સર્જિત નહીં પણ વર્ષો પહેલાં ફૂંકાયેલા વંટોળિયા પવનના કારણે બની હોવાની માન્યતા છે. ટપકેશ્વરી સંકુલમાં અનેક પ્રકારની ઔષધીય વનસ્પતિ ઊગે છે. આ ઔષધીય વનસ્પતિનું વૈજ્ઞાનિક ઢબે વાવેતર કરવાં હોર્ટિકલ્ચર ગાર્ડન બનાવવા, ટ્રેકિંગ પોઈન્ટ વ્યૂ એડવેન્ચરની સુવિધા, રાજાશાહી વખતની ધર્મશાળાને હેરિટેજ લૂક આપી પુનઃજીવિત કરવા, વાહન પાર્કિંગની સુવિધા ઊભી કરવાનું આયોજન છે.

● ભારત સરકારના કોઈ કેબિનેટ કક્ષાના મંત્રીના કાર્યાલયમાં કોન્ફરન્સ હોલ પણ ન હોય એવો અદ્યતન હોલ કચ્છને પ્રવાસનનું ઘેલું લગાડનાર ધોરડો ગ્રામ પંચાયતને ભેટ મળ્યું છે. ધોરડો ગ્રામ પંચાયત હસ્તક તમામ આધુનિક સુવિધાઓ સાથેના કોન્ફરન્સ હોલમાં પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી જેવા મહાનુભાવો પોતાના મંત્રી મંડળની બેઠક યોજી શકે એ કક્ષાની અહીં વ્યવસ્થા કરવામાં આવી છે. ધોરડોમાં જ્યાં સફેદ રણ વચાળે રણોત્સવ યોજાય છે એ તંબુ નગરી પાસે જ ગેટ વે ટુ રણ રિસોર્ટનું સંકુલ આવેલું છે જેની સંપૂર્ણ જવાબદારી સરકારે ધોરડોના સરપંચ મિયા હુસેન મુતવાને સોંપી છે. સંપૂર્ણ વાતાનુકૂલીત હોલમાં એક સાથે ૧૦૦ અધિકારીની બેઠક યોજાઈ શકે તેવી રાઉન્ડ ટેબલ અને ફરતે રીવોલ્વીંગ ચેર મિટીંગમાં સંવાદ કરવા પ્રત્યેક ચેર પાસે માઈક્રોફોનની વ્યવસ્થા તથા દિલ્હીમાં પી.એમ.ઓ.કે.ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલય વગેરે સાથે જીવંત સંવાદ કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. સફેદ રણ નિહાળવા આવતા પ્રવાસીઓ પાસેથી રૂા.૧૦૦ પ્રવેશ ફી લેવામાં આવે છે એ રકમમાંથી રૂા.૫૦ લાખના ખર્ચે હોલ બનાવાયો છે.

● કચ્છએ દેશના કુલ્લ ઉત્પાદનની લગભગ ૮૫ ટકા ખારેકનું ઉત્પાદન કરે છે. સરદાર કૃષિ નગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હેઠળના કચ્છના મુંદરામાં આવેલા અને ભારતમાં ખારેક સંશોધન માટેના એક અગ્રણી ખારેક સંશોધન કેન્દ્રએ ખારેકની ખેતીમાં કેવી રીતે નવા યાંત્રિક સાધનો વિકસાવી શકાય અને આધુનિક પધ્ધતિઓ દ્વારા કેમ સમય, ખર્ચ અને શ્રમ બચાવી શકાય એનો નવતર ખ્યાલ કેટલાક નવા વિકસાવેલા યંત્રો દ્વારા ખેડૂતો સમક્ષ મૂક્યો છે. ખારેકની ખેતી માટે હાઈડ્રોલિક લિફ્ટ ઉપરાંત પોલેન ડસ્ટર, નેપસેક ડસ્ટર, પોલન કલેક્ટર જેવા સાધનો વિકસાવ્યાં છે.




insurancekhoj.com™

the ultimate stop for insurance™

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA